Date: 9/10/2021

# PRESS NOTE

## TITLE:

આણંદ જિલ્લા કલેકટર શ્રી મનોજ દક્ષિણી (આઈ.એ.એસ.) ના શુભ હસ્તે ડો.જીવરાજ મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (DJMIT) ના AISECC નું શ્રી ત્રિભુવનદાસ ફાઉન્ડેશન સાથે એમ.ઓ.સી. તથા - AISECC ની વેબ સાઇટ ઈ-લોન્ચિંગ કરવામાં આવ્યું.

તારીખ ૮/૧૦/૨૦૨૧ના રોજ આણંદ જિલ્લા કલેકટર શ્રી મનોજ દક્ષિણીના શુભ હસ્તે અને જિલ્લા કલેકટર શ્રી ની પ્રેરક ઉપસ્થિતિ માં ડો.જીવરાજ મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ના આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એનર્જી ઍફિશિયન્સી એન્ડ ક્લાયમેટ ચેન્જ (AISECC) અને ત્રિભુવનદાસ ફાઉન્ડેશન જે ગ્રામીણ વિકાસ, સહકાર, મહિલા રોજગાર, કૃષિ સંલગ્ન આવક ના સાધનો ની પ્રવૃત્તિઓ તેમજ દૂધ અને પશુ પાલન કાર્યક્રમો ના અમલીકરણ દ્વારા અનેક વર્ષો થી જનહિતના કાર્ય માં સક્રિય અને પ્રચલિત છે, તેની સાથે મેમોરેન્ડમ ઓફ કોઓપોરેશન (MoC) કરવામાં આવ્યું હતું. ત્રિભુવનદાસ ફોઉન્ડેશન તરફથી ડૉ શ્રી નિખિલ ખારોડએ હાજર રહી MoC કરી AISECC અને CENT /DJMIT ને કાર્યનુસાર મદદ અને સહકાર ની ખાતરી આપી હતી. આ પ્રસંગે AISECC - સેન્ટર ઓફ એક્સેલન્સની વેબ સાઈટ નું ઈ-લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એનર્જી ઍફિશિયન્સી એન્ડ ક્લાયમેટ ચેન્જ (AISECC) એ ડો.જીવરાજ મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી મોગર, આણંદ (DJMIT)માં શુરુ કરવામાં આવેલું સેન્ટર ઓફ એક્સેલન્સ છે. AISECC નું મુખ્ય કામ ગ્રામીણ અને સેમી અર્બન વિસ્તારો માં ઉર્જા ની વપરાશ માં બચત કરી ને તેમજ ગ્રીન એનર્જી અર્થાત સોલાર ઉર્જા વગેરે ના વપરાશ દ્વારા કાર્બન એમિશન (emission) ઓછું કરી પર્યાવરણીય બદલ થી થતાં નુકસાન ને ઘટાડવાનું છે, એક રીતે આવા પ્રયત્નો થી સર્વ સાધારણ જનતા અને ખેડૂતોની આવક માં વધારો કરી તેમની સમૃદ્ધિ અને જીવનધોરણ સ્તર ઊંચું લાવવાનું છે. આ પ્રસંગે અમેરિકા,જર્મની ઇન્ડોનેશિયા , કુવૈત વગેરે દેશો ની સોલાર ઉર્જા તથા પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ ક્ષેત્રે કાર્યરત યુનિવર્સિટીઓ , સંશોધન સંસ્થા તથા અન્ય સંસ્થાઓ એ ઓનલાઇન હાજરી પુરાવી શુભેચ્છા પાઠવી હતી. પ્રસંગ ના મુખ્ય મહેમાન આણંદ જિલ્લાના કલેકટર શ્રી મનોજ દક્ષિણીએ ચરોતર એજ્યુકેશન ટ્રસ્ટ અને DJMIT કોલેજ ની પ્રવૃત્તિઓ ને બિરદાવી ઉર્જા બચત અને સોલાર ઉર્જા ના ક્ષેત્રે કામગીરી કરવા બદલ માર્ગદર્શનઆપી બધાને પ્રોત્સાહિત કર્યા હતા. AISECC તેની વેબ સાઈટ https://aisecc.org ની મુલાકાત લઇ સોલાર એનર્જી તથા બાયો ગેસ, વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટસ, મહિલા રોજગાર તેમજ કૃષિ તથા અન્ય આનુષાંગિક પ્રવૃત્તિઓ વિષયે માહિતી મેળવવા અનુરોધ કરે છે.